ખેડબ્રહ્મામાં જગ્યા જગ્યાએ દબાણ તોડી પાડવાનુ નિશાન માર્યા બાદ જૈસે થે

બીજાના દબાણ નહી તુટે તો દબાણકર્તાએ આપી આત્મવિલોપનની ચિમકી

ખેડબ્રહ્મા શહેરમાં દિવસે દિવસે દબાણ કરતાઓનો રાફડો ફાટી નીકળ્યો છે. વગર મંજૂરીએ મોટા પાયે બાંધકામ થઈ રહ્યા જે મંજુરી આપી છે તેના કરતા વધુ બાંધકામ થઈ રહ્યા. આ બાબતે કોઈ જાગૃત નાગરિકો દ્વારા ધ્યાન કેન્દ્રિત કરવા માગે તો નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા માપણીનુ સ્ટંટ કરી નીશાન મારી ને નોટીસ ફટકારે છે. વધારાનુ દબાણ કાઢી સ્વખર્ચે કહેવાય છે ત્યાર બાદ ક્યા ગ્રહો કામ કરી જાય છે તે દબાણ તોડવા કલેકટર કચેરીથી પણ આદેશ અપાયો છે. પણ આવા દબાણો આજ દિન સુધી શહેરના કોઈપણ વિસ્તારમા તોડતા નથી. ભુતકાળમાં આવા દબાણો કાઢી નાખવા કલેકટરે આદેશ આપ્યો હતો તેવા દબાણો ઈમ્પેક્ટફીમા લઈ કાયમી કરવામા આવ્યા છે. વાસણા રોડ પર દબાણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી અનશન આંદોલન કરવાની જાગૃત નાગરિકો દ્વારા અરજી દાખલ કરી હતી બોગસ એનઓસી મેળવી છે તેવી રજૂઆત કરાઈ હતી. નાયબ કલેકટર કચેરી ખાતેથી દબાણ દુર કરવાની ખાત્રી આપી હતી ત્યારબાદ આજ દિન સુધી દબાણ જેસેથે સ્થીતીમા છે. ત્યારબાદ હાઈવે પર આવેલી બાજુમા ત્રણ મકાનની વિરુદ્ધ સોસાયટીના રહીશોએ નીયમ વિરુધ્ધ તેમજ દબાણની અરજી કરી હતી. તેને ધ્યાને લઈ નગરપાલિકા દ્વારા આ બાબતે તપાસ કરી દબાણ કરેલી વધુની જગ્યાએ લાલ શાહીથી નીશાન માર્યા હતા તે તમામ દબાણ આજ દિન સુધી જે સે થે પરીસ્થીતીમા જોવા મળી રહ્યા છે. લોકમુખથી ચર્ચાઓ થઈ રહી છે કે આ દબાણ તુટશે ખરા કે પછી નાયબ કલેકટર કચેરીના આદેશને ગોળીને પી જવાશે.

રાજસ્થાનની યુવતીનો મૃતદેહ રહસ્યમય હાલતમાં મેઘરજના પંચાલ ગામેથી મળતા ચકચાર

મેઘરજ, તા. ૭

રાજસ્થાનના મેવાડા ગામની ૧૮ વર્ષીય યુવતી શુક્રવારે ઘરેથી શેમ્પુ લેવા નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારજનોએ આજુબાજુના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. સાંજના સુમારે મેઘરજના પંચાલ ગામે એક યુવતીની લાશ પડી હોવાની મોબાઈલ મારફતે જાણ થતા મૃતક યુવતીનો ફોટો વોટ્સએપ પર મંગાવતા ફોટો ગુમ થનાર યુવતિનો હોવાથી પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું અને પંચાલ ગામે દોડી આવી ઈસરી પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી યુવતીની લાશને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાના વીંછીવાડાના મેવાડા ગામની અર્પિતાબેન પ્રવીણભાઈ ગામેતી (ઉં. વ.૧૮) શુક્રવારે સવારના ૧૦વાગ્યાના સુમારે ઘરેથી શેમ્પુ લેવા જવાનું કહ્યા બાદ ૨ કલાકથી વધુનો સમય વીતવા છતાં ઘરે પરત ન ફરતા યુવતીના પરિવારજનો ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા અને યુવતીની

આજુબાજુના વિસ્તારોમાં શોધખોળ આદરી હતી. સાંજનો સમય થવા છતા યુવતી ન મળતા ચકચાર મચી હતી ત્યારે મેઘરજના પંચાલ ગામ નજીક એક યુવતીની લાશ પડી હોવાની મોબાઈલ મારફતે જાણ થતા અને સોશ્યલ મીડિયામાં મૃતક યુવતીની લાશના ફોટો ફરતા થતા ફોટો મેવાડા ગામે થી ગુમ થયેલી યુવતીનો હોવાનું જાણ થતા મોટી સંખ્યામાં પરિવારજનો દોડી આવ્યા હતા. ઈસરી પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી યુવતીની લાશ કબ્જે લઈ પીએમ માટે ખસેડી મૃતક યુવતીના ભાઈ મુકેશભાઈ પ્રવિણભાઈની જાહેરાતના આધારે યુવતીના મોત અંગે સત્ય હકીકત બહાર લાવવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લાના ખેડૂતોમાં ભારે આક્રોશ

કિસાન સંઘ અને સહકારી આગેવાનોની રજુઆત પછી બે દિવસ પહેલા રાજ્ય સરકારે સબંધીત બેંકોને સૂચના આપી

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લામાં પણ ઝીરો ટકા વ્યાજથી ધિરાણ આપી હવે સહકારી બેંકો પુરા ૭ ટકા વ્યાજ વસુલતાં કરજ લેનારા ખેડૂતોના સરકારની જાહેરાત છતાં ધિરાણ કરનારની બેવડી નીતિ સામે રીતસર આક્રોશ વ્યાપી ગયો છે.

અગાઉ ખેડૂતોને પાક ધિરાણ માત્ર એક ટકા વ્યાજથી આપવાની જાહેરાત પછી વિધાનસભાની ચૂંટણી પહેલા ઝીરો ટકા વ્યાજથી ધિરાણ આપવા જાહેરાત સરકારે કરી હતી જે ત્રણ લાખની મર્યાદામાં ધિરાણ લેનારને લાભ આપવાનો હતો. નિર્ધારિત મુદતમાં ધિરાણ પરત કરનાર ખેડૂતોને ઝીરો ટકા વ્યાજનો લાભ મળે તેવી જાહેરાત થઈ હતી.

પરંતુ અરવલ્લી જિલ્લામાં જિલ્લા સહકારી બેંકની મોડાસા સહિતની શાખાઓમાં ખેડૂતો આજકાલ મુદતમાં ધિરાણ પરત ભરવા જઈ રહ્યા છે ત્યારે તેમને ત્રણ લાખના ધિરાણની મર્યાદામાં ઝીરો ટકા વ્યાજ હોવા છતાં અહીં પુરા સાત ટકા વ્યાજ વાસુલતાં આ અંગે કિસાન સંઘ સમક્ષ ખેડૂતોએ રજુઆત કરી હતી.

ભા.કિસાન સંઘના પ્રદેશ પ્રમુખ વિઠ્ઠલભાઈ દુધાત્રા તેમજ મહામંત્રી બાબુભાઈ કે. પટેલે આગેવાનોએ તાજેતરમાં સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ સમક્ષ અને તેમજ અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ દ્વારા કૃષિમંત્રી રણછોડભાઈ સી. ફલદુનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. કિસાન આગેવાની આ રજૂઆતોના ફળસ્વરૂપે આખરે ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે લીધેલા નિર્ણય મુજબ જ ત્રણ લાખ સુધીની લોન લેનારને અને સમયસર તે રકમ મુદતમાં ભરપાઈ કરનારને ઝીરો ટકા વ્યાજથી ધિરાણ પરત લેવાની સૂચના સહકારી બેન્કો સહિતની ધિરાણ કરતી સંસ્થાઓને તા.૨.૫.૧૮ના પરિપત્રથી જે તે જિલ્લામાં રજિસ્ટ્રાર કચેરી મારફતે બેંકોને જરૂરી સૂચના આપવા આદેશ કરેલ છે. હવે આ આદેશનો ધિરાણ કરતી સંસ્થાઓ કેટલો અમલ કરે છે તે તરફ કિસાન સંઘ તેના પ્રતિનિધિઓ મારફતે તપાસ રાખી અમલવારી થાય તે માટે કમર કસી રહેલ છે. માંડ માંડ બે છેડા સરખા કરતા અને લીધેલા ધિરાણ વ્યાજ વગર પણ પરત ભરપાઈ કરવા આજકાલ ખેડૂતો મથામણ કરી રહ્યા છે. ત્યારે ઝીરો ટકા વ્યાજની સરકારની જાહેરાત ઘોળી પી જનાર ધિરાણ સંસ્થાઓના વલણ સામે સમગ્ર ખેડૂત આલમમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજ પોલીસે કાટવાડ પાસેથી બે જગ્યાએથી ૧૭ લિટર દેશી દારૂ પકડયો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નેશનલ હાઈવે આઠ કાટવાડ પાટીયા પાસેથી બે અલગ-અલગ જગ્યાએથી કુલ- ૧૭ લિટર દેશી દારૂ પ્રાંતિજ પોલીસે પકડી પાડ્યો હતો.

નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કાટવાડ પાસે આવેલ ફેકટરી ઝોન પાસે આવેલ કેનાલ નજીક રેઈડ કરતા રેઈડ દરમ્યાન બન્ને જગ્યાએ પ્લાસ્ટ્રીટના કેનમાં વગર પાસ પરમીટનો દેશી દારૂનું વેચાણ કરતો સુરજ કુમાર ત્રીલોકનાથ પંચાલ રહે. નનાનપુર (પટેલવાસ) પાસેથી ૭ લિટર રૂપિયા જેની કિંમત ૧૪૦ તથા બાજુમાં પણ વગરપાસ પરમીટનો દેશીદારૂનુ વેચાણ કરતો પોપટસિંહ સરદારસિંહ મકવાણા રહે. પ્રાંતિજના વજાપુર પાસેથી ૧૦ લિટર જેની કિ.-૨૦૦ કુલ બન્ને પાસેથી કુલ-૧૭ લિટર દેશી દારૂ જેની કિંમત કુલ-૩૦૦ના મુદ્દામાલ સાથે બન્નેને પકડી ગુનો નોંધી પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગરમાં પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્રનો શુભારંભ

દેશમાંથી બેકારી દૂર કરવા માટે અને વિશ્વમાં ભારતને કૌશલ્ય કેન્દ્રનું બિંદુ બનાવવાના આશયથી દેશના કેટલાક રાજ્યોમાં પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્રનો પ્રારંભ કરાયો છે ત્યારે તેના ભાગરૂપે સાબરકાંઠાના હિંમતનગર ખાતે સહકારી જીન વિસ્તારમાં શનિવારે આવા જ એક કેન્દ્રનો પ્રારંભ કરાયો છે. ૫૦૦થી વધુ તાલીમાર્થીઓ જોડાયા છે.

મેઘરજના કુંભેરાના ડુંગરોમાં ભીષણ આગ

અરવલ્લી જિલ્લામાં ગીરીમાળાઓમાં ઉનાળાની ઋતુમાં આગ લાગવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતો હોવા છતાં વનતંત્ર આગ લાગવાની ઘટનાઓ અટકાવવામાં ઉદાસીન સાબિત થઈ રહ્યું છે. રવિવારે બપોરે મેઘરજના કુંભેરાના ડુંગરોમાં અગમ્ય કારણોસર આગ લાગતા વનરાજી આગની ઝપેટમાં આવી જતા બળીને ખાખ થઈ ગઈ હતી. આગના ગોટેગોટા નીકળતા ડુંગરની આજુબાજુ વસવાટ કરતા લોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગને ઠારવા પ્રયત્નો હાથ ધર્યા હતા. આગ લાગવાની ઘટનાથી વનતંત્ર ૧ કલાકથી વધુનો સમય થવા છતાં જાણે આગ લાગવાની ઘટનાથી બેખબર હોય તેમ ઘટનાસ્થળે ન પહોંચતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

ઊંઝામાં જીરાનો સારો જથ્થો બતાવી બેંકને ચૂનો ચોપડયાની ચર્ચા

ઊંઝા, તા. ૭

વેપારીમથક ઊંઝા ખોત માર્કેટયાર્ડમાં આવેલ કોઈ એક વેપારી પેઢીના સંચાલકે જીરાના સારા માલની જગ્યાએ સાવ હલકી કક્ષાનો માલ વેરહાઉસમાં મૂકી તેના પર ખાનગી બેંકમાંથી મોટી રકમનું ધિરાણ લઈ બેંકને ચૂનો ચોપડ્યો હોવાની ચર્ચાએ વેપારીઆલમમાં ભારે ચકચાર જગાવી છે.

વેપારીઆલમમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા માર્કેટયાર્ડમાં આવેલ કોઈ એક મોટી વેપારી પેઢીના સંચાલકે ખાનગી બેંકમાંથી મોટી રકમનું ધિરાણ મેળવવા માટે વેરહાઉસમાં જીરાની બોરીઓ મુકી ધિરાણ લીધુ હતુ. બાદ લાંબા સમય સુધી આ ધિરાણની પરત ચૂકવણી ન થતા બેંક દ્વારા વેરહાઉસમાં પડેલ જીરાના માલની હરાજી કરવાનો નિર્ણય કરાયો હતો. જેમાં વેરહાઉસમાં પડેલ માલની તપાસ દરમિયાન જીરાના સારી ગુણવત્તાવાળા માલની જગ્યાએ કથિત ગેરરીતિ આચરીને સાવ હલકી કક્ષાનો માલ મુક્યો હોવાનું માલુમ પડતાં બેંકના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. કહે છે કે, ખાનગી બેંકે માલતારણ પર કરોડોનું ધિરાણ કર્યુ હોઈ હાલ આ બેંકના નાણાં સલવાઈ ગયા છે. આ ઉપરાંત અન્ય કેટલાક વેપારીઓ અને કમિશન એજન્ટોના નાણાં પણ ફસાયા હોવાનું કહેવાય છે. જો કે આ બાબતે હજી સુધી સ્થાનિક પોલીસ મથકે કોઈ જ ફરિયાદ નોંધાયેલ નથી. પરદેશમાં માલોના નિકાસ કામકાજ સાથે સંકાળાયેલ વેપારી પેઢીના કહેવાતા ઉઠમણાથી હાલ ખાનગી બેંકના કરોડો રૂપિયા ડૂબ્યા હોવાની ચર્ચાથી બજારમાં ભારે હલચલ મચી જવા પામી છે.

ખોટા દસ્તાવેજો ઉભા કરી સરકારી લાભ લેતા ચકચાર

અંબાજી, તા. ૭

દાંતા તાલુકા માં દાંતા ગ્રામપંચાયત માં ચૂંટાઈ આવેલા ૪ જેટલા સભ્યો એ દાંતા ગ્રામપંચાયત નો લેટરપેડ અને ગોળ સિક્કા બનાવી ખોટા દસ્તાવેજો ઉભા કરી સરકારી લાભ લીધા હોવાના મામલે સમગ્ર દાંતા પંથક માં ચકચાર મચી જવા પામી છે. દાંતા ગ્રામપંચાયત માં છેલ્લા કેટલાક સમય થી સભ્યો અને સરપંચ વચ્ચે ચાલતા વાદ-વિવાદનું પોત પ્રકાશ માં આવ્યું છે જોકે આ મામલે દાંતા સરપંચ ને ખબર પડી જતા તાત્કાલિક પંચાયત ના સભ્યો ની બેઠક બોલાવી ઠરાવ પસાર કરી આ બનાવટી લેટરપેડ અને ગોળ સિક્કા બનાવી તેનો દુરુપયોગ કરી સરકારી યોજનાનું ખોટો લાભ લઈ કૌભાંડ આચરવા બાબતે ગ્રામપંચાયતના સરપંચ દ્વારા દાંતા પોલીસમાં ફરિયાદ નોંધવા પામી છે. બાબતે સરકારી યોજનાનું ખોટી રીતે ખોટો લાભ લેવા બાબતે તથા બનાવટી લેટરપેડ-સરપંચના હોદ્દાના, પંચાયતના ગોળ સિક્કા બનાવી કેટલાક ખોટા લાભો લીધા છે તેવી પણ પોલીસમાં આપેલી ફરિયાદમાં તાપસ થવા માંગ કરાઈ છે.

હિંમતનગર આરટીઓ પાસે પાર્ક કરેલ ગાડીમાંથી ૪૪,૫૨૫ ચોરાયા

હિંમતનગરના વિજાપુર રોડ પર આવેલ આરટીઓ સર્કલ પાસે શુક્રવારે એક કોમ્પલેક્ષ આગળ પાર્ક કરેલ કારમાંથી અજાણ્યો શખ્સ અંદાજે રૂ. ૪૪૫૨૫ રોકડ તથા અન્ય દસ્તાવેજોની ચોરી કરી ગયાની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ તંત્ર આંધળું, બહેરૂ અને બોબળુ

મરી-મસાલા અને ખાણી-પીણીની ચીજવસ્તુઓમાં ભેળસેળ, જીલ્લાવાસીઓના આરોગ્ય ખતરામાં

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લામાં ફૂડ અને ડ્રગ તંત્રની નિષ્ક્રિયતા સહીત મોડાસા નગરપાલિકા

તંત્રના સેનેટરી ઈન્સ્પેક્ટરે આંખ આડા કાન કરતા જીલ્લા સહીત મોડાસા શહેરમાં ભેળસેળ કરતા માફિયાઓ બેફામ બનતા જીલ્લાના પ્રજાજનોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખિલવાડ કરી રહ્યા છે. જીલ્લા ફૂડ અને ડ્રગ વિભાગ અને નગરપાલિકા ફૂડ શાખા દ્વારા ફક્ત દેખાવપૂર્તિ કામગીરી કરવામાં આવતી હોવાથી લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં હાલ મરી-મસાલા ભરવાની અને અથાણાની સીઝન ચાલી રહી છે ત્યારે શહેર સહીત જીલ્લાના બજારોમાં મરચું-હળદર, જીરું સહિતના મરી-મસાલામાં ભેળસેળ કરી પ્રજાજનોને રોગના મુખમાં ધકેલી ભેળસેળ કરનાર માફિયાઓ રૂપિયા ઉલેચી રહ્યા છે. બીજીબાજુ અગમ્ય કારણોસર ફૂડ એન્ડ ડ્રગ તંત્ર અને મોડાસા નગરપાલિકા ફૂડ શાખા સબ સલામતના દાવાઓ વચ્ચે નિંદ્રાધીન અવસ્થામાં અને કામગીરીથી બચવા સ્ટાફ પૂરતો ન હોવાની જૂની પુરાણી કેસેટ વગાડી ભેળસેળિયાઓને છાવરી રહ્યા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને મોડાસા નગરપાલિકાના ફૂડ શાખા દ્વારા હપ્તારાજ ચલાવવામાં આવી રહ્યું છે અને ખાણીપીણીની ચીજવસ્તુઓ વેંચતા અને મરી-મસાલામાં ભેળસેળ કરનાર માફિયાઓને પીળો પરવાનો આપી દીધો હોય તેમ ખુલ્લેઆમ હલકી ગુણવત્તા સભર અને બિન આરોગ્યપ્રદ ચીજવસ્તુઓનું બેફામ વેચાણ થઈ રહ્યું છે. હાલ મરી-મસાલા ભરવાની સીઝન ચાલી રહી છે ત્યારે કેટલાક લેભાગુ વેપારીઓ જીરુંની સાથે વરિયાળીની ભેળસેળ કરી જથ્થાબંધ લુઝ જીરું લાવી સ્ટાન્ડર્ડ કંપનીઓની પ્લાસ્ટિક બેગમાં જીરું વેચી રહ્યા છે. મરચામાં લાકડાનો વહેર (ભૂકો)ની મિલાવટ કરી રહ્યા હોવાનું અને હળદરમાં ભેળસેળ કરી અખાદ્ય કલરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે પ્રજાજનોને અસલીના નામે નકલી મરી-મસાલા પધરાવવામાં આવી રહ્યા છે અને લોકોના પેટમાં ઝેર પધરાવી રહ્યા હોવાની સાથે ઉઘાડી લૂંટ કરી રહ્યા છે. સામાન્ય પ્રજા પણ હવે આ અંગે સજાગ બની છે ત્યારે કોણ જાણે કેમ જીલ્લા ફૂડ અને ડ્રગ વિભાગ અને મોડાસા નગરપાલિકા ફૂડ શાખા ગાંધીજીના ત્રણ વાંદરાની સ્થિતિમાં હોય તેવો અહેસાસ લોકો અનુભવી રહ્યા છે. કેટલાક લેભાગુ વેપારીઓ દ્વારા કરવામાં આવતી ખુલ્લેઆમ ભેળસેળ કેમ દેખાતી નહિ હોય..? તેવો યક્ષ પ્રશ્ન લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. જીલ્લા કલેક્ટર દ્વારા જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ તંત્રની આળસ ખંખેરે અને તપાસના આદેશ આપે તેવું પ્રજાજનો અપેક્ષા રાખી રહ્યા છે અને જીલ્લા ફૂડ એન્ડ ડ્રગની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

ડીસામાં રાજપુર ખાતે આદિવાસી ભીલ સમાજના સમૂહ લગ્ન યોજાયા

દરેક સમાજ માં એકતા જળવાઈ રહે તે હેતુ થી દરેક સમાજ માં અત્યારે સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવે છે ત્યારે આજે ડીસા ના રાજપુર ખાતે આદિવાસી ભીલ સમાજ ટ્રસ્ટ દ્વારા પણ ૧૭ જોડિયાના સમૂહ લગ્ન યોજાયા હતા.જેમાં મોટી સંખ્યામાં આદિવાસી ભીલ સમાજના લોકો ઉપસ્થિત રહી તમામ ૧૭ વર- વધુઓને આશીર્વાદ આપ્યા હતા. સમાજ માં એકતા જળવાઈ રહે અને તમામ રૂઢિ રિવાજો દૂર થાય તેવા હેતુ થી આજે પ્રથમ વાર રાજપુર ખાતે આદિવાસી ભીલ સમાજ ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આણંદ ના કલેકટર દિલીપ રાણા. શ્રીમતી હંસાબેન મજિયાતર.પોલિસ અધિકશ્રી અને આઈ. પી.એસ અશ્વિભાઈ ચૌહાણ ના હસ્તે સમૂહ લગ્ન માં તમામ ૧૭ વર-વધુઓને આશીર્વાદ આપી ભીલ સમાજ નો પ્રથમ સમૂહ લગ્ન નો પ્રારંભ કર્યો હતો. જેમાં તમામ આદિવાસી ભીલ સમાજ ના લોકો ઉપસ્થિત રહી તમામ વર-વધુઓને આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

ખારાકુંડલા પ્રાથમિક શાળામાં શ્લોક ફાઉન્ડેશન ગોતા દ્વારા બાળકોને પગરખા વિતરણ

પગરખાં વગર બળબળતી ગરમીમાં કાંકરા કાંટા વગેરેની પરવા કર્યા વિના શાળામાં આવતા બાળકોને જોઈને ભાવાત્મક તાદાત્મ્ય થકી જોડાયેલ અનિલભાઈ જાની મે. ટ્રસ્ટી, શ્લોક ફાઉન્ડેશન-ગોતા, ટ્રસ્ટી, ઉષાબેનના સહયોગથી કંદર્પકુમાર એન જોશી બી.આર.પી., સામાજિક વિજ્ઞાન જસમિન ત્રિવેદી જસમિન બી.આર. પી.પ્રજ્ઞા ગૌરાંગ સુથાર સી.આર.સી. શાળા પરિવાર અને એસએમસીની ઉપસ્થિતિમાં બાળકોને વિવિધ પ્રકારના પગરખા શ્લોક ફાઉન્ડેશન-ગોતા દ્વારા આપવામાં આવેલ હતા.

પ્રાંતિજ ખાતે સીનિયર સિટીઝન મંડળની સ્થાપના

પ્રમુખ મંત્રી સહિત હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુક : મંડળના સભ્યોના જન્મ દિનની શુભેચ્છાઓ શુભ કામનાઓ પાઠવી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સીનીયર સિટીજન મંડળની સ્થાપના કરવામાં આવી.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ એકસપરી મેન્ટલ હાઈસ્કૂલ સંકુલમાં સીનિયર સિટીજન મંડળની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં ૨૮પથી વધારે સભ્યોની નોંધણી કરવામાં આવી હતી. સ્થાપના બાદ પ્રમુખ મંત્રી સહિત હોદ્દેદારો કારોબારીની રચના કરવામાં આવી હતી.

જેમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે સી.કે. પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ, મહામંત્રી સર્મિષ્ઠાબેન ખમાર, મંત્રી અરવિંદભાઈ મોદી, સંગઠન મંત્રી પ્રસા રાજા, ખજાનચી ધનજીભાઈ પટેલ તથા ટ્રસ્ટીઓ તથા મંડળના હોદ્દેદારો કારોબારી સભ્યોની

સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ચાલુ મહિનામાં મંડળના સભ્યો હોદ્દેદારોના જન્મદિનની શુભેચ્છાઓ ફુલછડી આપીને પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકાના મહિલા પ્રમુખ ગીતાબેન પટેલ, સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સિનિયર સિટીજનના પ્રમુખ મધુકરભાઈ ખમાર, શરદભાઈ પરીખ, સહિત આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતા.